# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : રવિવાર

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રના ઉદ્ઘાટન કાર્યક્રમનો આરંભ.
- ✓ આવતીકાલથી સંસદનું બજેટ સત્રનો આરંભ, સરકારે બંને ગૃહોના યોગ્ય સંચાલન માટે વિપક્ષને સહકારની અપીલ કરી
- ✓ નિપાહ વાઇરસના સંક્રમણને અટકાવવા કેરળ સરકારને ત્વરીત પગલાં લેવા કેન્દ્ર સરકારનો નિર્દેશ
- ✓ બાંગ્લાદેશની સર્વોચ્ચ આદાલતે વિવાદાસ્પદ અનામત વ્યવસ્થાને રદ્દ કરતો ચુકાદો આપ્યો
- ✓ ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ અને ટી-20 મહિલા એશિયા કપમાં ભારતે યુએઈ સામે 78 રનથી જીત મેળવી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM - WORLD HERITAGE - OPNING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં યુનેસ્કોના મહાનિદેશક ઑડ્રે એજોલે તેમજ 150 દેશોના બે હજારથી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા છે. આ પૂર્વે શ્રી મોદીએ આ પ્રસંગે યોજાયેલી પ્રદર્શિનનું

નિરીક્ષણ કર્યું હતું. ભારતમાં પ્રથમ વખત વિશ્વ ધરોહર સમિતિની બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠક 21 થી 31 જુલાઈ સુધી ચાલશે.

વિશ્વ ધરોહર સમિતિ વર્ષમાં એક વાર મળે છે અને તે તમામ વિશ્વ ધરોહર-સંબંધિત બાબતોનું સંચાલન કરવા અને વિશ્વ ધરોહર યાદીમાં સમાવિષ્ટ સ્થળો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લે છે. આ દરમિયાન વિશ્વ ધરોહર યાદીમાં નવા સ્થાન નક્કી કરવા, હાલની 124 વિશ્વ ધરોહર સંપત્તિઓના સંરક્ષણની સ્થિતિ અંગે અહેવાલ અને આંતરરાષ્ટ્રીય સહાય તેમજ વિશ્વ ધરોહર ભંડોળના ઉપયોગ સહિત અન્ય દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવશે. દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વધરોહર સમિતિની બેઠકની યજમાની કરવાની તક ભારતને મળવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

# ALL PARTY MEET

આવતીકાલથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આ પૂર્વે સરકારે બંને ગૃહોનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે સર્વદળીય બેઠક બોલાવી હતી. બેઠક બાદ સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સરકાર કોઈ પણ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે. તેમણે ઉમેર્યું કે સંસદ યોગ્ય રીતે સંચાલિત થાય તે સરકાર અને વિપક્ષ બંનેની જવાબદારી છે.

શ્રી રિજિજુએ બેઠકમાં સૂચનો આપવા બદલ બંને દળોના નેતાઓનો આભાર માન્યો. સાથે જ તમામ દળોને બજેટ સત્રના યોગ્ય સંચાલનમાં સહકાર માટેની અપીલ કરી છે.

આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, અર્જૂન રામ મેઘવાલ, જગત પ્રકાશ નડ્ડા, ચિરાગ પાસવાન, રામદાસ અઠાવલે, કૉંગ્રેસના નેતા જયરામ રમેશ, તેમજ ગૌરવ ગોગોઈ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના નેતા પ્રફુલ પટેલ, ડીએમ કે નેતા ટીઆર બાલુ તેમજ તિરુચિ શિવા, આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહ અને AIMIM નેતા અસદુદ્દીન ઓવૌસી સામેલ હતા.

સંસદનું બજેટ સત્ર 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23 જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ થશે.

# KERALA NIPAH VIRUS

કેન્દ્ર સરકારે નિપાહ વાઇરસને પ્રસરતો અટકાવવા તાત્કાલિક પગલા લેવા કેરળ સરકારને નિર્દેશ આપ્યા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય મિશનના વિવિધ

પ્રતિનિધિઓનું એક જૂથ નિમાયું છે, જે કેસોની તપાસ, ઓળખ, સંપર્ક અને તકનિકી મદદ પૂરી પાડશે. આરોગ્ય મંત્રાલય અનુસાર કેરળના કોઝિકોડમાં 2023માં નિપાહ વાઇરસે દેખા દીધી હતી. ફળો ખાતા ચામાચિડિયા દ્વારા આ રોગ ફેલાય છે, આવા ચામાચિડિયા દ્વારા ખાધેલ ફળ માણસ દ્વારા આરોગતા રોગનું સંક્રમણ થવાની શક્યતા છે. કેન્દ્ર સરકારે છેલ્લા 12 દિવસોમાં સંક્રમિત લોકોની તપાસ માટેની તાકીદ કરી છે, અને જો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તે દર્દીને ક્વોરન્ટિન કરવાની સલાહ આપી છે.

ઉલ્લેખનીય છે કે કેરળના મલ્લાપુરમ જિલ્લામાં નિપાહ વાઇરસના સંક્રમણથી ચૌદ વર્ષના કિશોરનું મોત થયું છે. આ કિશોર કોઝિકોડ મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાં વેન્ટિલેટર પર હતો. જેને આજે સવારે હૃદય રોગનો હમલો આવતા મોત થયું હતું. કિશોરના સંપર્કમાં રહેલા અંદાજે અઢીસો લોકોમાંથી 63ને વધુ જોખમી શ્રેણીમાં લેખિત કરાયા છે.

કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે વાઇરસને ફેલાતો રોકવા માટે જરૂરી પગલાં લેવાયા હોવાનું જણાવ્યું હતું. કેરળમાં લોકોને સજાગ રહેવા તેમજ નિયમોનું પાલન કરવા સલાહ અપાઈ છે.

## BANGLADESH-SC QUOTA

બાંગ્લાદેશની સર્વોચ્ચ અદાલતે સરકારી નોકરીઓમાં વિવાદીત અનામત વ્યવસ્થાને ગેરકાયદેસર ગણાવતા તેના પર રોક લગાવી દીધી છે. સર્વોચ્ચ અદાલતે વિદ્યાર્થીઓને વર્ગોમાં પાછા જવા માટે અપીલ કરી છે. નીચલી અદાલતના ચુકાદા બાદ બાંગ્લાદેશમાં રાષ્ટ્રીય વ્યાપી પ્રદર્શનોમાં 100થી વધુ વિદ્યાર્થીઓના મોત થઈ ચૂક્યા છે. સર્વોચ્ચ આદાલતે પોતાના ચુકાદામાં સરકારી નોકરીઓમાં 1971 યુદ્ધના શહીદોના વંશજો માટેની અનામતને 30થી ઘટાડીને 5 ટકા કરી દીધી છે.

વર્ષ 2018માં બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસિનાની સરકારે આ અનામત પ્રથાને નાબુદ કરી હતી. જોકે ગત માસમાં બાંગ્લાદેશની નીચલી અદાલતે તેને ફરીથી બહાલ કરી હતી. જે બાદ સમગ્ર દેશમાં હિંસક દેખાવો થયા. ગત ગુરુવાર સુધી બંગ્લાદેશમાં ઇન્ટરનેટ સેવાઓ બંધ હતી. સ્થિતિને જોતા સરકારે શૂટ-એન્ડ સાઇટના આદેશ આપ્યા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD**ને ફોલો કરી શકો છો...**

.................................................

## IMD WEATHER

હવામાન વિભાગે ગુજરાત તેમજ ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં આવતીકાલથી 25 જુલાઈ સુધી ભારે વરસાદને જોતા કેટલાક જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કરાયું છે. તો ઉત્તરાખંડમાં આવતીકાલે ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત આગામી પાંચ દિવસમાં કોંકણ તેમજ ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, માહે, મરાઠવાડા, આંધ્ર પ્રદેશ, યનમ, તેંલગાણાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે.

આગામી પાંચ દિવસમાં પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં હળવો તો ક્યાંક ભારે વરસાદ પડવાની શક્યતા છે.

## UTTARAKHAND

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ માર્ગ પર ભૂસ્ખલન થતા ત્રણ શ્રદ્ધાળુઓના મોત થયા છે. છિદવાસા નજીક ભૂસ્ખલન થતા કેટલાક શ્રદ્ધાળુઓ દટાયા હતા. આ દુર્ઘટનામાં પાંચ શ્રદ્ધાળુઓને ઈજા થવા પામી હતી. મૃતકોમાં બે મહારાષ્ટ્રના, જ્યારે કે એક સ્થાનિક રહેવાસી હતા. આ શ્રદ્ધાળુઓ ગૌરીકુન્ડથી કેદરનાથ તરફ જઈ રહ્યા હતા.

## PM MATH OLYMPIAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડમાં ભારત દ્વારા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ચોથું સ્થાન મેળવવા બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે ભારતીય ટીમે ચાર સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો છે. આ ઉપલબ્ધિથી યુવાનો પ્રેરિત થશે અને ગણિતને વધુ લોકપ્રિય બનાવવામાં મદદ મળશે.

## WOMEN CRICKET RESULT

શ્રીલંકાના દામ્બુલામાં રમાઈ રહેલા મહિલા એશિયા કપ ટી20 મેચમાં ભારતે યુએઈ સામે 78 રનથી જીત હાંસલ કરી છે.

મેચની શરૂઆતમાં યુએઈની ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેદાનમાં ઉતરેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે 20 ઓવરમાં, 5 વિકેટ ગુમાવીને 201 રન બનાવ્યા હતા. કેપ્ટન હરમનપ્રિત કૌરે સૌથી વધુ 66 રન, જ્યારે વિકેટકીપર રિચા ઘોષે 64 રન બનાવ્યા હતા.

ભારત દ્વારા 202 રનના લક્ષ્યાંકનો પીછો કરતા યુએઇની મહિલા ક્રિકેટ ટીમ 20 ઓવરમાં, 7 વિકેટના નુકસાને માત્ર 123 રન બનાવી શકી હતી. ભારતીય ટીમે શ્રેણીની બંને મેચોમાં જીત હાંસલ કરતા સ્કોર બોર્ડમાં 2 પોઇન્ટથી આગળ છે.

## DELHI POLICE - KANWAR YATRA

દિલ્હી ટ્રાફિક પોલીસે કાવડ યાત્રાને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. મોટી સંખ્યામાં કાવડિયા દિલ્હી પહોંચી રહ્યા છે, જેમાંથી કેટલાક રાજસ્થાન તેમજ દિલ્હી સરહદે પગપાળા ચાલી રહ્યા છે. આ વર્ષે 15થી 20 લાખ જેટલા શ્રદ્ધાળુઓ કાવડ યાત્રામાં જોડાય તેવી શક્યતા છે.

કાવડિયાઓની અવર-જવરને જોતા રસ્તાઓ પર તેમની માટે પાણી, ભોજન તેમજ આરામ કરવા માટેની શિબિરો ઉભી કરાઈ છે. દિલ્હી ટ્રાફિક પોલીસે સામાન્ય જનતા અને શ્રદ્ધાળુઓને અસુવિધા ઘટાડવા માટે કંવડિયાઓ તેમજ અન્ય માર્ગ વપરાશકર્તાઓની અવરજવરને અલગ કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરી છે. પોલીસે જણાવ્યું છે કે આઉટર રિંગ રોડ પર જીટી કરનાલ રોડથી આવતી સિટી બસો સિવાયના ભારે વાહનોને સીધા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-24 તરફ વાળવામાં આવશે. તેમને વજીરાબાદ રોડ અને જીટી રોડ પર શાહદ્રા તરફ આગળ વધવાની પરવાનગી આપવામાં આવશે નહીં. વાહનચાલકોને અસુવિધા અને વિલંબ ટાળવા માટે તેમની મુસાફરીનું અગાઉથી આયોજન કરવાની સલાહ છે.